# દીપકમાંથી કમળ અને એક બેઠકથી ૧૨૧ બેઠકની સફર

## ગુજરાતમાં ૧૯૯૫થી ભાજપનું શાસન, કોંગ્રેસ પાસે ૧૭ વર્ષથી સત્તા નથી : ભાજપના પ્રતિક ઉપર છેલ્લા ૧૧ વર્ષથી કેવળ મોદી

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા. ૨૩

કેડરબેઝ અને આદર્શ સિદ્ધાંતો ધરાવતી ભારતીય જનતા પાર્ટીમાં રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક લેવલે કોંગ્રેસીકરણ થયું છે. પક્ષની અંદર જ વિપક્ષ હોવાની છાપ લગભગ તમામ રાજ્યોમાં પ્રવર્તી રહી છે. ગુજરાતમાં ભાજપનો ઉદય ૧૯૮૦માં થયો હતો, આજે ભાજપનો સૂર્ય મધ્યાહ્ને તપી રહ્યો છે.

ભાજપનું અસલ ગોત્ર જનસંઘ છે. ૧૯૬૭માં જનસંઘને માત્ર એક જ બેઠક મળી હતી આજે એકની ૧૨૧ થઇ છે. ૧૯૭૫માં જનસંઘની બેઠકોની સંખ્યા ૧૮ સુધી પહોંચી હતી. ૧૯૭૨માં તો જનસંઘે ૧૦૦ ઉમેદવાર ઉભા રાખ્યા હતા અને માત્ર ત્રણ ઉમેદવારો વિજેતા બન્યા હતા. એ સમયે જનસંઘ કે ભાજપમાં સંઘ ભાવના બળવત્તર હતી. અસંતોષ, ખટરાગ કે ખુરશી ખેંચની સ્પર્ધા તે સમયે જન્મી ન હતી.

ગુજરાતમાં દિપકમાંથી કમળ બનેલા ભાજપનો પાયો ૧૯૮૦માં નંખાયો હતો. ૧૯૮૦ની ચૂંટણીમાં ભાજપને નવ બેઠકો પ્રથમવાર મળી હતી, ત્યારબાદ ૧૯૮૫ની ચૂંટણીમાં ભાજપને ૧૧ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. ૧૯૯૦માં હિન્દુત્વના મોજાની અસર થઇ અને પ્રથમવાર ભાજપની ૬૭ બેઠકો આવી પરંતુ ત્રીજામોરતા તરીકે જાણીતા થયેલા જનતાદળ ગુજરાતના સુપ્રિમો ચીમનભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારે ભાજપે તેમને ટેકો આપ્યો હતો.

૧૯૯૦ની ચૂંટણીમાં વિપક્ષોએ સરકાર બનાવી હતી. ચીમનભાઇ પટેલના જનતાદળને ૭૦ બેઠકો મળી હતી અને કોંગ્રેસને માત્ર ૩૩ બેઠકોથી ચલાવવું પડ્યું હતું. ભાજપ-જનતાદળની ગઠબંધન સરકાર લાંબી ચાલી નહીં અને છેવટે ચીમનભાઇ તેમની રાજકીય કારકિર્દીમાં બીજીવાર કોંગ્રેસમાં ભળી ગયા હતા.

ભાજપને સત્તા સુધી પહોંચાડવામાં પરિશ્રમ કરનાર કેશુભાઇ પટેલ, સંજય જોષી, નરેન્દ્ર મોદી, શંકરસિંહ વાઘેલા, ચીમન શુક્લ, કાશીરામ રાણા અને સુરેશ મહેતાએ ૧૯૯૫માં એકજૂથ બનીને ચૂંટણી લડતાં ભાજપને ૧૨૧ બેઠકો પ્રાપ્ત થઇ હતી પણ આ ખુશી છ મહિનાથી વધારે ટકી ન હતી. શંકરસિંહ વાઘેલાએ બળવો કરતાં કેશુભાઇ પટેલની સરકાર છ મહિનામાં તૂટી પડી હતી.

૧૯૯૫ થી ૧૯૯૭ના ગાળા વચ્ચે શંકરસિંહના રાજપાએ એક વર્ષ અને તેમના અનુગામી દિલીપ પરીખે ચાર મહિના રાજ કર્યું હતું. વિધાનસભા ભંગ થતાં ૧૯૯૮માં ચૂંટણી આવી હતી. આ ચૂંટણી પણ કેશુભાઇ પટેલના નેતૃત્વમાં લડાઇ હતી જેમાં કેશુભાઇ પટેલને ૧૧૭ બેઠકો પ્રાપ્ત થઇ હતી.

ભાજપને સૌથી વધુ ૧૨૭ બેઠકો ૨૦૦૨ની ચૂંટણીમાં પ્રાપ્ત થઇ હતી. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લડાયેલી આ પ્રથમ ચૂંટણી હતી. ત્યારબાદ મોદીના નેતૃત્વમાં ૨૦૦૭માં લડાયેલી ચૂંટણીમાં ભાજપને ૧૨૧ બેઠકો મળી હતી. છેલ્લા ૧૭ વર્ષથી ગુજરાતમાં બિન કોંગ્રેસી સરકાર છે. કોંગ્રેસને ૧૯૮૫માં એકલેહાથે સત્તા પ્રાપ્ત થઇ હતી.

આજે પ્રદેશ ભાજપ માટે એવું કહેવાય છે કે દીપકમાંથી કમળમાં પરિવર્તિત થયેલા પ્રતિક ઉપર નરેન્દ્ર મોદીનો મુખવટો પ્રસ્થાપિત થઇ ચૂક્યો છે. એકાત્મ માનવવાદ હવે વિસરાઇ ચૂક્યો છે. પક્ષ માટે સમર્પિત સેંકડો કાર્યકરો વર્તમાન સ્થિતિમાં ભૂલાઇ ગયા છે.

## ગુજરાતમાં ચૂંટણી છતાં મોદી હિમાચલ માટે પ્રચારમાં જશે

### ચોથી નવેમ્બર પૂર્વે ભાજપ શાસિત સરકારમાં પાર્ટીનો ચૂંટણી પ્રચાર કરી આવશે, બન્ને રાજ્યોનું પરિણામ ૨૦મી ડિસેમ્બરે

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી હોવા છતાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશને ચૂંટણી પ્રચારાર્થે જઇ રહ્યાં છે. તેઓ હિમાચલમાં ભાજપનો ચૂંટણી પ્રચાર કરશે. તેમના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

ભાજપના સેન્ટ્રલ ઈલેકશન મેનેજમેન્ટ એન્ડ કોર્ડિનેશન યુનિટના ઈન્ચાર્જ મુખ્તાર અબ્બાસ નકવીએ ચૂંટણી પ્રચારના કાર્યક્રમને સમર્થન આપ્યું હતું. તેંમણે કહ્યું હતું કે ગુજરાતની ચૂંટણીમાં અતિવ્યસ્ત હોવા છતાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિમાચલ પ્રદેશની ચૂંટણી માટે કામચલાઉ તારીખો ફાળવી છે.

મોદી આવતા સોમવારે કદાચ હિમાચલના ચૂંટણી પ્રચારમાં જાય તેવી સંભાવના છે. તેઓ આ રાજ્યમાં અગાઉ રાષ્ટ્રીય ભાજપના પ્રભારી રહી ચૂક્યા છે. હાલ ભાજપ સત્તા ઉપર છે તેવા આ પ્રદેશની ૬૮ બેઠકો માટે ચોથી નવેમ્બરે ચૂંટણી યોજાવાની છે, જ્યારે ગુજરાતમાં ૧૩ અને ૧૭મી ડિસેમ્બરે ચૂંટણી થવાની છે. આ બન્ને રાજ્યોની મતગણતરી એકસાથે ૨૦મી ડિસેમ્બરે થવાની છે.

## સંઘ કાર્યાલયનો દબદબો : મોદી નાગપુર ગયા કેશુભાઇ અમદાવાદ જઇ આવ્યા

### સંજય જોષીને પાર્ટીમાં મહત્વનો હોદ્દો આપવાની મુવમેન્ટ ચાલી રહી છે ત્યારે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલની સંઘ કાર્યાલયની મુલાકાત ગંભીર બની રહી

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા. ૨૩

સંઘ અને ભાજપના છૂપારૂસ્તમ એવા સંજય જોષી ગુજરાતની ચૂંટણીમાં ક્યા પ્રકારનો રોલ ભજવશે તે નિશ્ચિત નથી પરંતુ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ ગુજરાત પરિભ્રમણમાં નિકળી પડેલા છે.

બાપા કહે છે કે અમે ગુજરાતમાં ૧૮૦ બેઠકો ઉપર ચૂંટણી લડવાના છીએ, જો કે તેઓએ વધારે ધ્યાન તો મહત્વની એવી ૩૦ બેઠકો ઉપર કેન્દ્રીત કર્યું છે જે ક્યાં પટેલ મતદારો નિર્ણાયક સાબિત થવાના છે. તેઓ ખુદ વિધાનસભાની ચૂંટણી સૌરાષ્ટ્રના વિસાવદરથી લડી રહ્યાં છે.

કેશુભાઇની પરિવર્તન યાત્રા પૂરી થવા આવી છે. તેમનો સૌરાષ્ટ્રમાં જેટલો રિસ્પોન્સ મળ્યો તેટલો ઉત્તર ગુજરાતમાં મળ્યો નથી. દક્ષિણ ગુજરાતમાં પણ સુરત શહેર અને જિલ્લા સિવાય તેમની યાત્રામાં લોકોનો ઉમળકો જોવા મળ્યો ન હતો. આમ છતાં તેઓ રાજ્યમાં પરિભ્રમણ કરતા જાય છે.

કેશુભાઇ પટેલ અને તેમની પરિવર્તન પાર્ટીના સાથીદાર ગોરધન ઝડફિયાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત કાર્યાલયની મુલાકાત લીધી હતી. આ મુલાકાત પછી કેશુભાઇએ કહ્યું હતું કે સંઘના પ્રચારક વરિષ્ઠ નેતા ભાસ્કરરાવ દામલે નાદુરસ્ત હોઇ આવ્યો હતો. આ મુલાકાતનો બીજો કોઇ હેતુ નથી. તેમણે વધારે કંઇ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

જો કે એક બાબત સાફ છે કે નાગપુરમાં નરેન્દ્ર મોદી અને સંઘ સુપ્રિમો મોહન ભાગવતની મુલાકાત પછી ભાજપ અને સંઘમાં સમીકરણો બદલાતા જાય છે.

૧૮મીનો કાર્યક્રમ રદ કરનાર સંજય જોશીને પાર્ટીમાં વધુ સારો હોદ્દો સોંપવાની હિલચાલ ચાલે છે અને ચૂંટણી સમયે ભાજપની ભગિની સંસ્થાઓની મદદ લેવામાં આવી રહી છે. કેશુભાઇ પટેલની મુલાકાત સાવ ઔપચારિક તો ન જ હોઇ શકે.

## ચિત્રકામની પરીક્ષા જોગ

રાજ્ય પરીક્ષા બોર્ડ, સે. ૨૧ ગાંધીનગરની યાદીમાં જણાવ્યા મુજબ આગામી નવેમ્બર-૨૦૧૨માં લેવામાં આવનાર પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ પરીક્ષાના ૦૧ પત્રક તથા હોલટીકીટ તા. ૨૯-૧૦-૨૦૧૨ના રોજ ૧૧.૦૦ કલાકે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ ઓથોરીટી લેટર સાથે આ કચેરીમાંથી મેળવી લેવાના રહેશે અને જિલ્લા કક્ષાએથી સંબંધીત પરીક્ષા કેન્દ્ર પર તા. ૩૦-૧૦-૨૦૧૨ના રોજ અવશ્ય પહોંચાડવાના રહેશે.

## શબ્દાવલી - ૪૮૮૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | |
| | ■ | ૭ | ૮ | | ■ | ૯ | |
| ■ | ૧૦ | | | | ૧૧ | ■ | |
| ■ | ૧૨ | | | ■ | ૧૩ | ૧૪ | ■ |
| ૧૫ | | ■ | ■ | ૧૬ | | | ૧૭ |
| | ■ | ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | |

**આડી ચાવી**

૧. સામે હોવું તે (૩)
૩. ગોઠવણ કે વ્યવસ્થા (૩)
૬. પલકારા વિનાનું, સ્થિર (૪)
૭. રાત્રી, નિશા (૩)
૯. લુપ્ત થવું તે, નાશ પામવું (૨)
૧૦. પુસ્તકાલય, લાયબ્રેરી (૫)
૧૨. આવતો આવનારો અને જતો... (૩)
૧૩. મિત્ર, દોસ્ત (૨)
૧૫. જળ (૨)
૧૬. વેગ, પ્રક્રિયા (૪)
૧૮. કોર, ધાર (૩)
૨૦. મણકા, મોતી (૨)
૨૧. હાથનું ઘરેણું (૨)
૨૨. ઉમા - પાર્વતીનું નામ (૨)
૨૩. નાનો અણુ (૨)

**ઊભી ચાવી**

૧. આગળ વધવું તે (૩)
૨. માફી માગવી તે (૫)
૩. દેવ - મનુષ્ય પ્રાણી વગેરે (૨)
૪. જંજાળ (૪)
૫. એક પ્રકારનું ફળ (૪)
૬. વાયુ, પવનને... પણ કહેવાય (૩)
૮. ટાવર, ઊચું થાંભલા જેવું (૩)
૧૦. સંતાન વિહોણી સ્ત્રીને લોકો તુચ્છકારમાં... કહે છે (૩)
૧૧. એક ચંદ્રવંશી રાજા (૩)
૧૪. શિયાળું પાક (૪)
૧૫. નુપૂર (૩)
૧૬. મોટાઇ, પ્રતિષ્ઠા (૩)
૧૭. વ્યાજે ધીરેલી રકમ, લૉન (૩)
૧૯. નારી, સ્ત્રી (૨)

### શબ્દાવલી ૪૮૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગોદામ (૪) અંતાક્ષરી (૭) દમદાર (૮) પમા (૧૦) રીસામણી (૧૪) યમ (૧૫) રગ (૧૬) કાતરણ (૧૮) ઈઝન (૧૯) વિશાળ (૨૦) તનકારો (૨૩) રોપા (૨૪) કદમબોશી (૨૫) ટકો

**ઊભી ચાવી :-** (૧) ગોદડી (૨) દામ (૩) મદારી (૫) તાપણી (૬) ક્ષમા (૮) રસાયણ (૧૧) મમ (૧૨) ગગન (૧૩) ઘાત (૧૫) રઝળપાટ (૧૬) કારતક (૧૭) રફકામ (૧૮) ઈશારો (૨૧) નદ (૨૨) રોબો

## ગાંજાના ખોટા કેસમાં ફસાવી દેવા મહિલા સરપંચના પતિએ કાવતરૂ કર્યુ

કલોલ, તા. ૨૩

કલોલ તાલુકાનાં ખોરજ ડાભી ગામનાં ડેપ્યુટી સરપંચને પાઠ ભણાવવાના આશયથી ગામના મહિલા સરપંચના પતિએ ગાંજા અને બંધુક રાખવાનાં ખોટા કેસમાં ભરાવી દેવા કાવતરૂ ગોઠવી પોલીસને વર્ધી લખાવી રેડ પડાવી હતી. શંકાને આધારે પોલીસે ક્રોસ ઈન્ટ્રોગેશન કરતાં પોતેજ અન્ય બે શખ્સોની મદદથી ગાંજાનો જથ્થો અને દેશી બનાવટની બંદૂક ડે. સરપંચના બોરકુવા પર જઈને તેના પીકઅપ ડાલુમાં મુકી દીધી હોવાનુંબહાર આવ્યું છે. કલોલ તાલુકા પોલીસે એન.ડી.પી.એસ.નો ગુનો દાખલ કરી મહિલા સરપંચના પતિની ધરપકડ કરી સઘન કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કલોલ તાલુકાનાં ખોરજ ડાભી ગ્રામપંચાયતમાં સરપંચ તરીકે સેવા આપતા મહિલાના પતિ દાદુભાઈએ અન્ય બે શખ્સો સાથે મળીને ગામના ડેપ્યુટી સરપંચને ખોટા કેસમાં ભરાવી દેવાનું પુર્વ આયોજીત કાવતરૂ કર્યાનો કિસ્સો બહાર આવવા પામ્યો છે. દશરથજી અરજણજી ડાભી ગામના ડે. સરપંચ તરીકે ફરજ બજાવે છે. દશરથજી પંચાયતના કામમાં વિરોધ કરીને અડચણો ઉભી કરતાં હોવાથી સીધા કરવા માટે ગામના મહિલા સરપંચના પતિ દાદુભા જીલુભા ડાભીએ એક પ્લાન બનાવ્યો હતો. સરોજ પ્રહલાદ દંતાણી નામના શખ્સ પાસેથી ગાંજો તથા દેશી બંદુક, ગન પાવડર અને છરા મંગાવ્યા હતા અને ગત સત્રો દરમ્યાન આ બધો સામાન પ્લાસ્ટીકની એક થેલીમાં ભરીને દાદુભા ડે. સરપંચના બોરકુવામાં લઈ ગયા અને થોડો સામાન છુટો નાંખ્યો અને થોડો સામાન ડે. સરપંચના પીકઅપ ડાલા નં. જીજે-૧૮-એક્સ-૪૯૦૪માં ગોઠવી નીકળી ગયા હતા. બહાર જઈને તેમણે પોલીસને વર્ધી લખાવી કે ડે. સરપંચના બોરકુવા પર ગાંજાનો જથ્થો અને દેશી બનાવટની બંદૂક પડી છે જેને આધારે પોલીસે રેડ પાડી ૧,૨૫૮ ગ્રામ ગાંજાનો જથ્થો કિં. રૂ. ૬૨,૯૦ તથા ગન પાવડર, છરા અને બંદૂક જપ્ત કરી લીધી હતી.પી.આઈ. પી.ઓ. ભટ્ટને શંકા જતાં ક્રોસ ઈન્ટ્રોગેશન કરતાં દાદુજીએ પડી ભાંગીને કબુલાત કરી દીધી હતી કે આ કાવતરૂ તેણે ઘડ્યું હતું. કલોલ તાલુકા પોલીસે તેની ધરપકડ કરી સઘન પુછપરછ આરંભી છે.

## રાંધેજાની સિદ્ધેશ્વરી હોમ્સ સોસાયટીમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી સિદ્ધેશ્વર હોમ્સ સોસાયટીમાં છેલ્લા નવ દિવસથી મા આદ્યશક્તિ જગદંબાના પાવન પર્વની ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે.

સિદ્ધેશ્વરી હોમ્સ સોસાયટીના પ્રમુખે ખાસ જણાવ્યું છે કે, સોસાયટીના દરેક સભ્યના હસ્તે નવે નવ દિવસ મા ની આરાધના અને આરતી કરી વિધ-વિધ પ્રસાદની વહેંચણી કરવામાં આવી છે. નવલા નોરતાની પ્રથમ રાત્રીથી નવમા દિવસની રાત્રી દરમિયાન નિયત સમયે આરતી, પૂજા પાઠ સાથે ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. ગરબે ઘૂમતા દરેક ખેલૈયાને લ્હાણી આપવામાં આવી હતી. રાત્રે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન સોસાયટીની બ્હેનો, દીકરીઓએ તથા યુવાન, વયસ્ક તથા વડીલ બંધુ વર્ગે અને બાળ ગોપાળે કર્ણપ્રિય સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી. સતત નવ દિવસ સુધી ચાલેલા આ ગરબામાં સોસાયટીના દરેક ઘરના સ્વજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કાર્યક્રમને ઉજળો બનાવવા સહિયારો સહકાર આપ્યો હતો.

આજે વિજયાદશમીના દિવસે હોમ હવન સાથે સોસાયટીના દરેક સભ્ય માટે જમણવારનો સુંદર કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે. સોસાયટીના બધા જ સભ્યોએ તથા યુવા વર્ગે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી છે.

### મગફળીનું ઉત્પાદન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જોકે હજુ કપાસની વીણી ચાલી રહી છે જ્યારે મગફળીનો પાક કાઢવાની કામગીરી હમણાં શરૂ થવા પામી છે.

જિલ્લામાં આ વર્ષે ચોમાસાના વરસાદની અનિયમિતતાને કારણે એક તબક્કે જિલ્લામાં દુષ્કાળની સ્થિતિ જાહેર કરવાના નિર્ણયની સરકારે ઘોસણા કરી હતી પરંતુ પાછોતરો વરસાદ થતાં જિલ્લામાં જળસંકટ અને દુષ્કાળની સ્થિતિ ટળી જવા પામી છે.

પાછોતરા વરસાદને પગલે જિલ્લામાં કપાસના પાક ઉપરાંત શાકભાજીના પાકને નુકશાન થયું છે. જો કે મગફળીનું વાવેતર ઓછુ થયું હોવા છતાં તેના ઉત્પાદનની સરેરાશ જળવાઈ રહેવા પામી છે.

જિલ્લામાં આ વર્ષે પાછોતરો વરસાદ સારો થતાં ઘાસાચારાના પાકનું વાવેતર વિક્રમી થયું છે જે ૩૦ હજાર કરતાં પણ વધારે વિસ્તારમાં થયું છે. દિવેલાના પાકમાં પડી રહેલી ગરમીને કારણે ઉત્પાદન પર વિપરીત અસરો પડવાનો ભય પણ ખેડૂતોને સતાવી રહ્યો છે. જો કે દિવેલાનું પાછોતરૂ વાવેતર સારૂ થયું હતું અને તેના ઉત્પાદનની સરેરાશ જળવાઈ રહેશે તેમ મનાઈ રહ્યું છે.

### વિજયા દશમીના અવસરે રાજ્યપાલશ્રીની હાર્દિક શુભેચ્છા

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ વિજયા દશમીના પાવન અવસરે ગુજરાતના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું હતું કે વિજયા દશમીની ઉજવણી પારંપારિક હર્ષોલ્લાસ સાથે કરવામાં આવે છે.

### ડીસામાં બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાઈ

ડીસા સ્પોર્ટસ કલબ ખાતે બનાસકાંઠા બેડમિન્ટન એસોસિએશન દ્વારા આયોજીત ટુર્નામેન્ટમાં ૭૦ બાળકોએ ભાગ લીધો હતો. સિંગલ્સ પ્રથમ સૌરભ જૈન, દ્વિતિય પરેશ શાહ, સિંગ્લસ પ્રથમ વિશાલ માળી, દ્વિતિય રોનક ભગચંદાણી, ગર્લ્સ સિંગ્લસ પ્રથમ જીલ મકવાણા, ખુશી ગેલોત, ગર્લ્સ ડબલ્સ પ્રથમ જીલ મકવાણા અને પ્રાચી શાહ, દ્વિતીય ખુશી ગેલોત અને આરતી માધવાણી, બોયઝ ડબલ્સ-૧૪ પ્રથમ યશેશ શાહ અને વિશેષ દ્વિતિય સૌરભ જૈન અને આર્યન, પ્રથમ સુબોધ અને રોનક ભગચંદાણી, દ્વિતિય વિશાલ માળી અને અભિનવ રહ્યા હતાં.

## આજે ઉનાવામાં 'અગન ખેલ' ખેલાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામે ચાચર ચૉકમાં યજ્ઞકુંડમાં તા. ૨૪મી ઑક્ટોબરના નવમા નોરતાની રાત્રે ગાભાજી, ભીખાજી લક્ષ્મણજી અને વિક્રમજી નામના ઠાકોર માઈભક્તો સવાસો મણ લાકડા ગુગળ અને ઘીથી લાવા બની બલબળતાને ધગધગતા યજ્ઞકુંડમાં કુદી પડીને 'અગન ખેલ' ખેલશે. આ પ્રસંગે દર્શાનાર્થે પધારેલા લાખો ભક્તો બબ્બે કિલોમીટર લાંબીલાઇનમાં એક જ તાલેથી ગરબે ઘુમતા હોય છે. તેના દર્શન કરવાં તથા ખ્યાતનામ ગાયકો પોતાની કલા જે માને ખોળે પાથરતાં હોય છે તે માગણી એ જ જિંદગીનો લ્હાવો છે.

આ યજ્ઞની પરંપરા ખુબ જ પ્રાચીન છે. ઉનાવા (બ્રહ્મપુરા) ગામનાં બેચર નળનાં ક્રાંતિકારી નાગર બ્રાહ્મણનાં પૂર્વજ સાડા સાતસો વર્ષ પૂર્વે કાશ્મીર ગયા હતા. ત્યાંથી જવાલા માતાનો અગ્નિ લાવ્યા હતા. અને તે જીવંત અગ્નિમાં તેના વશંજ દર નવમે નોરતે પશુનો બલિ ચડાવીને યજ્ઞ કરતા હતા. પરંતુ ક્રાંતિવીર બેચર નાગરને ઓધાતકી પ્રથા મંજૂર નહોતી. તેથી સ્વામી નારાયણ પ્રભુ જયારે સંવત ૧૮૭૫ના નવમે નોરતે ઉનાવા ગામે પધાર્યા ત્યારે તેમને હાજર રાખી તેણે યજ્ઞમાં પશુને બદલે નાળિયેરનો બલિ ચડાવ્યો તેથી ધર્માંધ વડીલોએ ઠપકો આપતાં બેચર નાગરે પોતાનું બલિદાન આપવા ધગધગતા યજ્ઞકુંડમાં ઝંપલાવી દીધું. પરંતુ ત્યાં હાજર ક્ષત્રિય ઠાકોર કોમના રાસાજી અને વખતાજી એ બેચરને બહાર ખેંચી કાઢી બચાવી લીધા, ત્યારબાદ ત્યાં પશુબલનાં દર્શન કરવા ટેવાયેલા માઈભક્તો નિરાશ ન થાય માટે નાગરને બદલે 'ઠાકોર ભક્તો' કુંડમાં પડવાની અને તેમને પરત ખેંચી લેવાની સ્વામી નારાયણ પ્રભુને આજ્ઞા કરી. વૈષ્ણવો અને માતૃભક્તોમાં ખુબ જ મહાત્મ્ય ધરાવતાં આ અહિંસામય યજ્ઞનાં દર્શન કરવા ઉમટે છે.

## થરા હાઈ-વે પર બસ ટકરાતા બાઈકચાલકનું મોત

ડીસા, તા. ૨૩

થરાદ હાઈ-વે ચાર રસ્તા નજીક આજે એક બાઈક અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત સર્જાતા બાઈકચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યુ કરૂણ મોત નિપજયું હતું જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

થરાદ હાઈ-વે ચાર રસ્તા નજીક આજે સવારે ૧૧ વાગ્યાના સુમારે એક એસ.ટી. પૂરઝડપે પસાર થઈ રહી હતી તે દરમિયાન સામે આવતા બાઈક (નં. જીજે-૮ એમ ૫૭૫૭)ને ટકકર મારતા જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક ઉછળીને દૂર ફેંકાઈ ગયો હતો અને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. બાદમાં બાઈક સવારનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યુ કરૂણ મોત નિપજયું હતું. આ બનાવ અંગે કલાભાઈ માવજીભાઈ સોલંકીએ થરાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ૨૩ હજારનો વિદેશી દારૂ પકડાયો


સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના મટોડા નજીક પાણાઈ જવાના માર્ગ પરથી ખેડબ્રહ્મા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મંગળવાર વહેલી સવારે ૩ વાગેના સમયે મારૂતિ અલ્ટો કારમાંથી ચાલક અને અન્ય એક પોલીસને દેખી કાર મુકી નાસી ગયા હતા. જેથી પોલીસે કારમાં તપાસ કરતા તેમાંથી ૨૩ હજાર ૬૦૦નો અલગ-અલગ બ્રાંડ ૨૬૬ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઇઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧